**Divya Bhaskar**
Edition: Surat | Date: June 12, 2011 | Page: 11| Cetegory: Sterling Hospital

Team of 30 doctors conducts 14 hrs. long liver transplant surgery

# 30 ડોક્ટરની ૧૪ કલાકની સર્જરી બાદ ગુજરાતમાં પ્રથમ લિવર ટ્રાન્સપ્લાન્ટ

## બનેવીના લિવરનો ટુકડો પ્રત્યારોપિત કરીને સાળાને નવજીવન અપાયું

**ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ**

શહેરનાં સ્ટર્લિંગ હોસ્પિટલમાં 30 જેટલાં ડોક્ટરોની ટીમે ૧૪ કલાકની જહેમતભરી સર્જરી કરીને લિવર સિરોસીસનાં દર્દીમાં જીવિત દાતાના લિવરનું પ્રથમ સફળ ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે. એપોલો અને કિડની હોસ્પિટલ બાદ શહેરમાં ત્રીજા લિવર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટરની સુવિધા ઊભી થઇ છે.મહત્ત્વની વાત એ છે કે, સમગ્ર દેશમાં ચેન્નાઇ અને બેંગ્લોર બાદ અમદાવાદ ત્રીજું છે, જેમાં લિવર ટ્રાન્સપ્લાન્ટનાં ત્રણ સેન્ટરો છે.

સ્ટર્લિંગ હોસ્પિટલના ડો. હિતેષ ચાવડાએ જણાવ્યું હતું કે, આણંદના જનરલ પ્રેક્ટિશનર ડો. કનુભાઇ ગોહિલને ૨૦ વર્ષ અગાઉ હિપેટાઇટિસ-સીનો ચેપ લાગતાં છેલ્લા તબક્કાનું લિવર સિરોસીસ થયું હતું, જેથી તેમનું જીવન બચાવવા કેડેવર ડોનરની રાહ જોયા વગર ટ્રાન્સપ્લાન્ટ જરૂરી હોવાથી તેમના બનેવી પૂનમભાઇ પરમારના લિવરનો એક ટુકડો કાપીને ટ્રાન્સપ્લાન્ટ કરાયો હતો.